# ઉત્તર ગુજરાતમાં એકથી ચાર ઈંચ વરસાદ

અમદાવાદ,તા. ૨૬

ઉત્તર પશ્ચિમ મધ્યપ્રદેશ અને આસપાસના પૂર્વિય રાજસ્થાન ઉપર લોપ્રેશરની સ્થિતિ સર્જાયેલી છે. જેના પરિણામ સ્વરુપે ઉત્તર ગુજરાત, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ નોંધાયો છે. તમામ જગ્યાઓએ એક ઈંચથી લઈને છ ઈંચ સુધીનો વરસાદ નોંધાઈ ગયો છે. પ્રાપ્ત માહિતી મુજબ ગુજરાતના ૩૨ જિલ્લાના ૧૭૫ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. ભારે વરસાદના પગલે નર્મદા ડેમની સપાટીમાં વધારો થયો છે અને છલકાવવાની નજીક પહોંચી ગઈ છે. ડેમની સપાટી હાલમાં ૧૧૮.૭૮ મીટરે પહોંચી હોવાના અહેવાલ મળ્યા છે. જેના પરિણામ સ્વરુપે અમદાવાદ શહેરમાં પણ અમદાવાદની સાથે સાથે રાજ્યના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે.

આગામી ચાર દિવસ દરમિયન ભારે વરસાદની ચેતવણી વચ્ચે આજે પણ રાજ્યના ઘણા ભાગોમાં ભારે વરસાદ નોંધાયો હતો. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. ગઈકાલ મોડી રાતથી આજ સુધી કેટલીક જગ્યાએ ધોધમાર તો ઘણી જગ્યાએ ધીમીગતિએ વરસાદ થયો હતો. ગાંધીનગર જિલ્લાના દહેગામમાં કલાકોના ગાળામાં જ પાંચ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો હતો. ગાંધીનગર શહેર અને જિલ્લામાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. સતત વરસાદ અને ઉપરવાસમાં વરસાદના લીધે નર્મદા ડેમની સપાટીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. નર્મદા ડેમની સપાટી હવે ૧૧૮.૭૭ મીટરે પહોંચી છે. ગાંધીનગર જિલ્લાના દહેગામ પંથકમાં સૌથી વધારે વરસાદ નોંધાયો છે. મળેલી માહિતી મુજબ સવાર સુધીમાં છ કલાકમાં પાંચ ઈંચથી વધુ વરસાદ નોંધાઈ ગયો હતો. ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. પાણી ભરાઈ જવાના લીધે જનજીવનને પણ અસર થઈ હતી. થોડાક સમય સુધી વરસાદમાં બ્રેકની સ્થિતિ રહ્યા બાદ દિવસભર જારી રહ્યો હતો. રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં વરસાદી માહોલ જામેલો રહ્યો હતો.

રવિવારના દિવસે રસ્તા પર લોકોની અવર જવર પહેલાથી જ ઓછી હતી. બજારમાં દુકાનો ઘણી જગ્યાએ બંધ રાખવામાં આવી હતી. ઉત્તર ગુજરાત, મધ્ય અને દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. રાજ્યભરમાં સૌથી વધુ વરસાદ વલસાડ જિલ્લાના આંતરિયાળ ધરમપુર તાલુકામાં છેલ્લા ૨૪ કલાકમાં થયો છે. અહીં સાત ઈંચ જેટલો વરસાદ થયો છે. સુરત જિલ્લામાં માંગરોડ અને ઉમરપાડામાં ત્રણ ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે.

ડાંગ જિલ્લાના આહવામાં પાંચ ઈંચ જેટલો વરસાદ છેલ્લા ૨૪ કલાકમાં થયો છે. વડોદરામાં પણ ભારે વરસાદ થયો છે. વાલોડમાં છેલ્લા ૨૪ કલાકમાં આઠ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હોવાના અહેવાલ મળ્યા છે. આણંદ જિલ્લામાં પણ સારો એવો વરસાદ થયો છે. નિચાણવાળા વિસ્તારોમા જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે.





(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ખંભીસર : અષાઢ મહિનાની શરૂઆત થતાં બાળાઓ ગૌરી વ્રતનું આતુરતાપૂર્વક રાહ જોતી હોય છે અને અષાઢી પાંચમથી બાળાઓ ગૌરી વ્રત માટે સાત -કારનાં અનાજ અને ગાયનું છાણ અને માટી ભેગુ કરીને જવારા ઉગાડે છે અને અષાઢી અગિયારસથી પાંચ દિવસ સુધી રોજ પૂજા અર્ચના કરી ઉપવાસ રાખી પોતાની મનોકામના પૂરી કરવા ભાવપૂર્વક શિવજીની આરાધના કરે છે.

# જાહેરનામાના ભંગ બદલ ટીંટોઈ દેના બેંકના મેનેજરની ધરપકડ

મોડાસા, તા. ૨૬

શણગાલમાં એટીએમના ગાર્ડની હત્યા બદલ પોલીસે તપાસ હાથ ધરી છે. દરમિયાન સીસીટીવી કેમેરા બંધ મળી આવતાં જાહેરનામાના ભંગ બદલ ટીંટોઈ દેના બેંક શાખાના મેનેજર સામે ગુનો નોંધી પોલીસે ધરપકડ કરી હતી. આ ગુનો ઉકેલવા પોલીસે શણગાલની આજુબાજુમાં આવેલ એટીએમના સીસીટીવી ફુટેજ મેળવવાની પણ કાર્યવાહી હાથ ધરી દીધી છે.

બેંક તથા એટીએમમાં ફરજીયાત સીસીટીવી કેમેરા લગાવવાનો આદેશ હોવા છતાં શણગાલ એટીએમમાં છેલ્લા એક માસથી કેમેરા બંધ મળી આવ્યા હતા. ગાર્ડની હત્યાનું પગેરુ શોધવા એટીએમના સીસીટીવી ફુટેજ ખુબ જ અગત્યના હોવા છતાં એક માસથી કેમેરા બંધ હોવા છતાં બેંક દ્વારા કોઈ જ પગલાં ભરવામાં આવ્યા ન હતા. કલેક્ટરનું જાહેરનામુ હોવા છતાં બેંકની ગંભીર બેદરકારી સામે આવતાં એલસીબી પીઆઈએ દેના બેંક ટીંટોઈ શાખાના મેનેજર તેમજ જવાબદાર અધિકારીઓ વિરૂધ્ધ કલમ ૧૮૮ હેઠળ ગુનો નોંધાવ્યો હતો. દરમિયાન શનિવારે ટીંટોઈ દેના બેંક શાખાના મેનેજર સંજયભાઈ આર. અમીનની એલસીબીએ ધરપકડ કરી વધુ પુછપરછ હાથ ધરી હતી.

એટીએમના ગાર્ડની હત્યા થયે ચાર દિવસ જેટલો સમય વીતી જવા છતાં આ ગુનાનો ભેદ ઉકેલાયો નથી. ત્યારે પોલીસે જુદી જુદી ટીમો બનાવી શણગાલની આજુબાજુમાં આવેલ એટીએમ સેન્ટરોના સીસીટીવી ફુટેજ મેળવવા તજવીજ હાથ ધરી છે. સાથે જ અન્ય એટીએમના સીક્યુરીટી ગાર્ડસની પણ પુછપરછ કરવામાં આવી રહી છે.

## અમદાવાદમાં સતત બીજા દિવસે વરસાદ

અમદાવાદ,તા. ૨૬

અમદાવાદ શહેરમાં આજે સતત બીજા દિવસે પણ વરસાદી દોર જારી રહ્યો હતો. અમદાવાદ શહેરમાં ગઈકાલ મોડીરાથી શરૂ થયેલો વરસાદ દિવસ દરમિયાન જારી રહ્યો હતો. જો કે, આજે રવિવાર હોવાના કારણે લોકો પોતાના ઘરમાંથી વધારે બહાર નિકળ્યા ન હતા. બીજી બાજુ સતત વરસાદ જારી રહેવાના કારણે નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હોવાની ફરિયાદ મળી હતી. સરસપુર, કાંકરિયા, હાટકેશ્વર, નરોડા, બાપુનગર સહિતના વિસ્તારોમાં પાણી ભરાવવાની વ્યાપક ફરિયાદો મળી છે.

## વરસાદથી છલકાયું


● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હતો. વરસાદની તોફાની બેટીંગથી શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા છે. આજે રવિવારની રજા હોવાથી શહેરીજનોએ ઘરમાં જ રહી વરસાદી માહોલને પુરે પુરો માણ્યો હતો. ગોટા-ભજીયા, ફાફડા, ગાંઠીયાની લારી પર કતાર જોવા મળી હતી.

જિલ્લામાં પણ સારો એવો વરસાદ નોંધાતા ખેડૂતો રાજી થઈ ગયા છે. સારો વરસાદ પડતા છેલ્લા બે દિવસથી વાવણીકાર્ય પુરજોશમાં ચાલી રહ્યું છે. મોડે મોડે પણ સારો વરસાદ પડતા ખેડૂતો સારા પાકની અપેક્ષા રાખતા થયા છે.

સારો વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. શહેરમાં વરસાદી માહોલ પુરોપુરો જામ્યો છે. વૃક્ષો જાણે નવ પલ્લવીત થઈ ઉઠ્યા છે. વૃક્ષોના ઘેરા લીલા રંગ અને ભેજયુક્ત વાતાવરણે શહેરને હીલસ્ટેશનમાં ફેરવી દીધુ છે. જૂન મહિનામાં એક જ દિવસમાં ચાર ઈંચ વરસાદ પડ્યા બાદ આજે શહેરમાં લગભગ સાડા પાંચ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. આંકડાઓમાં વરસાદ જોઈએ તો ગઈકાલે સાંજે ૫.૩૦ થી આજે સવારે ૮.૩૦ સુધી ૧૦૩ મી.મી. વરસાદ નોંધાયો હતો. જેમાં વહેલી સવારે ૩ થી ૭ના ગાળામાં મહત્તમ વરસાદ પડ્યો હતો. જ્યારે દિવસ દરમ્યાન ૩૩ મી.મી. વરસાદ પડ્યો હતો. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૧૩૬ મી.મી. વરસાદ નોંધાયો હતો. આ સાથે મૌસમનો કુલ વરસાદ ૨૫૬ મી.મી. જેટલો થયો છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી એકાદ-બે દિવસ સમગ્ર ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે.

## શબ્દાવલી - ૫૮૦૦




### આડી ચાવી

૧. આત્મહત્યા, જીવહત્યા (૪)
૫. એક મિષ્ઠાન (ખાસ તહેવારે બને (૩)
૬. કાઢઘાલ, ખટપટ (૪)
૭. કિનારો, આરો (૨)
૮. નોટી, તોફાની (૪)
૧૦. માતા-પિતા બા અને... (૨)
૧૨. પડદો, ચક (૪)
૧૫. એક હિન્દી ફિલ્મની ડાન્સર અભિનેત્રી (૩)
૧૮. બકબક, લપલપ (૪)
૨૦. સંબંધ, ધીરધાર કે લેવડદેવડનું કામ (૪)
૨૧. સમયની માંગ, ચાંપતી ઉઘરાણી (૩)
૨૨. પુરું કરવું (૪)

### ઊભી ચાવી

૧. દુઃખ, સદમો (૩)
૨. ફેરવવું, પલોટવું (૪)
૩. મેઘા શબ્દ ઊંધો (૨)
૪. એક તેલીબીયા (૨)
૫. લાજ, ગુંબજ (૩)
૮. સાવ જાય તેવું, નઠારું (૪)
૯. એક શુદ્ધતાનું માપ (૨)
૧૦. એક પંખી (૨)
૧૧. મોટી વાતને ટૂંકમાં સમજાવવા લોકવાયકા જેવું ઉ.દા. અપાય તે (૪)
૧૩. નજીક, પાસે (૩)
૧૪. લોખંડ વગેરે ધાતુને... લાગે (૨)
૧૬. લટકા કરી બોલવું તે (૩)
૧૭. નવાજવું તે, ભેટ આપવી મેહમાન... (૩)
૧૯. એક સ્વાદ કારેલા જેવું (૩)

### શબ્દાવલી ૫૭૯૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) દૌહિત્ર (૩) મતલબ (૬) રામ (૭) પગરવ (૮) વનરાજ (૯) વર્ષા (૧૨) શરપાવ (૧૪) રજત (૧૫) નવા (૧૬) નગદ (૧૮) મના (૧૯) પ્રયોજન

**ઊભી ચાવી :-** (૧) દોરા (૨) હિમવર્ષા (૩) મગજ (૪) તર (૫) લવણ (૭) પરાગરજ (૯) લવણ (૯) વરદાન (૧૦) ધ્રુવ (૧૧) અછોવાના (૧૨) શરદ (૧૩) પાતળિયો (૧૫) નમન (૧૭) ગતી

## દહેગામમાં...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પામી છે અને ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

ગઈકાલ રાતથી શરૂ થયેલા વરસાદે આજે જનજીવન ખોરવી નાખ્યું હતું. વરસાદ સૌથી વધુ દહેગામ તાલુકામાં નોંધાયો હતો. દહેગામમાં છ કલાકમાં જ પાંચ ઈંચ જેટલો વરસાદ પડતાં હરકતમાં આવેલા તાબડતોબ પગલાંની શરૂઆત કરી અને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી હતી.

આજે દિવસ દરમિયાન પણ સતત અમીધારાની જેમ વરસાદ વરસતો રહેતાં દહેગામના નીચાણવાળા વિસ્તારો ખાસ કરીને એસ.ટી. સ્ટેન્ડ, અમદાવાદ રોડ, મોડાસા રોડ, પૂર્ણિમા હાઈસ્કુલનો ઢાળ, નાંદોલ રોડ, નહેરૂ ચોકડી જેવા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા.

સવારે દસ વાગ્યાથી પુનઃ શરૂ થયેલા વરસાદને પગલે દહેગામ-ઉત્કંઠેશ્વર મહાદેવ રોડ પરના પાલુન્દ્રા ગામ પાસે એક વૃક્ષ ધરાશયી થતાં વાહન વ્યવહારને અસર થઈ હતી. જો કે વનવિભાગે આ વૃક્ષને દૂર કરતાં પુનઃ વાહન વ્યવહાર ચાલુ થયો હતો.

દરમિયાન આજે દિવસભર પણ વરસાદ ચાલુ રહેતાં દહેગામના મલાવ તલાવ, ખજૂર તળાવ, શકકર કુઈ તળાવ અને ઉમેલા તળાવના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા ૪૦૦ જેટલી વ્યકિતઓનું તંત્ર એ સ્થળાંતર કરાવ્યું હતું.

આ લોકોને પ્રજાપતિ સમાજની વાડી તેમજ એક નગરપાલિકા શાળાના મકાનમાં ખસેડવામાં આવ્યા હોવાનું ઈન્ચાર્જ મામલતદાર શ્રી વિરમભાઈ દેસાઈએ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આ પરિવારો માટે તંત્ર દ્વારા ફુડપેકેટસ આપવાનું પણ આયોજન થઈ ગયું છે. ભારે વરસાદ છતાં પણ કોઈ જાનહાનિ નહિ થયાનું તેમણે જણાવ્યું હતું.

ગાંધીનગર તાલુકામાં પણ આજે દિવસ દરમિયાન બે ઈંચ, કલોલમાં પણ બે ઈંચ, માણસામાં ત્રણ ઈંચ જેટલો વરસાદ સાંજના પાંચ વાગ્યા સુધીનો નોંધાયો છે.

અમીધારા જેવા વરસેલા આ વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ખેડૂતોના ખેતર મલકાતાં જોઈ તેમની આંખો ઠંડક અનુભવતી હતી. તો બીજી તરફ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના તળાવોમાં પણ પાણીની નવી આવક થવા પામી છે અને તેની સીધી અસર ભૂતળ રિચાર્જ પર થશે.

જિલ્લામાં હજુ પણ ૪૮ કલાક સુધી વરસાદ થવાની આગાહી હોવાનું તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

તંત્ર દ્વારા રેસ્કયુ ટીમોને ડિસ્ટ્રીકટ કંટ્રોલ રૂમ પર તૈનાત કરી દેવામાં આવી છે. જો કે જિલ્લામાં આજે કોઈ જ જાનહાનિની ઘટના નહિ બની હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કયાંક કયાંક વૃક્ષો ધરાશયી થવાની ઘટનાઓ બની છે. પરંતુ લોકો અને તંત્ર દ્વારા આ વૃક્ષોને માર્ગો પરથી હટાવી લેવામાં આવતાં ટ્રાફિકના કોઈ મોટા પ્રશ્નો ઉભા થયા નથી.

## ભયજનક સુકાવૃક્ષો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

નાગરિકો માટે નડતરરૂપ તેમજ ભયજનક બનતા હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. શહેરમાં વૃક્ષો જમીનદોસ્ત થવાથી યુવાનનો ભોગ લેવાયો હોવાની ઘટના પણ ગત વર્ષોમાં પ્રકાશમાં આવી હતી. શહેરમાં વૃક્ષોનુ યોગ્ય ટ્રીમીંગ થતુ નથી ત્યારે સુકા વૃક્ષો પણ ભયજનક હોવાનો સુર ઉઠવા પામ્યો છે.શહેરમાં ઘ-૫ થી સરકીટ હાઉસ તરફના માર્ગ પર આવા ૨૫ જેટલા વૃક્ષો હોવાની રજુઆત શહેર મહામંડળના પ્રમુખ દ્વારા કરવામાં આવી હતી જેના અંતે વનતંત્ર દ્વારા રૂટમાંથી આવા ભયજનક વૃક્ષો દુર કરવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ.

## ભુવાઓ દેખાયા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

નગરમાં છેલ્લા ત્રણ દિવસથી શરૂ થયેલી શ્રીકાર વર્ષાએ લોકોના અરમાનો પૂરા કર્યા છે. ઘરંભાયેલુ વાતાવરણ હજુ પણ વરસાદની શક્યતાઓ દર્શાવી રહ્યું છે. જેમાં સતત વરસાદે નગરમાં ભુવાઓએ દેખા દીધી છે. સેક્ટર-૨૪ના સર્કલ માર્ગોની બાજુમાં મસમોટા ભુવા પડી ગયા છે. જો કે તંત્રએ તાત્કાલીક આ અંગેની કામગીરી ઉપાડી લઈ ભુવાઓ પુરી દીધા છે. છતાં પણ વાહનચાલકોની પરવા રાખીને તંત્રએ આડશ ઉભી કરી દીધી છે. સતત વરસેલા વરસાદે નગરમાં જળબંબાકાર કરી દીધુ છે. ઠેક ઠેકાણે પાણીના ખાબોચીયા ભરાયાછે તો માર્ગો અને વિસ્તાર પણ પાણી પાણી થઈ ગયા છે. નગરની તાશીર મુજબ વરસાદ સમયે પાણી ભરાયેલા દેખાય છે પરંતુ થોડોક સમય વરસાદ બંધ થતાં જ વરસાદના પાણી ઓશરી જતા હોય છે.

વધુમાં તંત્ર દ્વારા હાથ ધરાયેલી સમયસરની કામગીરીને નગરજનોએ આવકારી છે પરંતુ ગટર ચોકઅપ અને ભરાતા પાણી અંગે સત્વરે કામગીરી થાય તે જરૂરી બન્યું છે. નિચાણવાળા વિસ્તારોમાં ઘરોમાં ગટરના પાણી બેક મારી રહ્યા છે. જે મોટી આફત સર્જે છે. ઝુંપડપટ્ટીમાં રહેતા લોકો પણ વરસાદી પાણીથી હાલાકી ભોગવી રહ્યા છે. હાલમાં ત્રણ દિવસથી શરૂ થયેલા વરસાદમાં ઘરની બહાર નીકળવુ કઠિન બન્યુ છે. જેથી માર્ગો ઉપર જુજ પ્રમાણમાં ચહલપહલ નજરે પડી રહી છે. વરસાદના અતિક્રમણ વચ્ચે ભારે પવનથી નમી પડેલા વૃક્ષો અને ડાળખીઓ જોખમી લાગી રહી છે જેથી તંત્ર દ્વારા વરસાદી મોસમમાં અતિ આવશ્યક એવી આ કામગીરી હાથ ધરાય તેવી માંગ ઉઠી છે. છતાં પણ મેઘરાજાના મોડા પણ ધમાકેદાર આગમનથી સર્વત્ર આનંદ છલકાઈ રહ્યો છે.

## ટાઈમલાઈન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અને ૨.૩૪ મિલિયન હેક્ટર વિસ્તારમાં કપાસનું વાવેતર કરવામાં આવ્યું છે. હંમેશા એવું માનવામાં આવે છે કે રાજયનો કિસાન અપ્રતિમ પ્રગતિ કરશે તો રાજય પણ પ્રગતિના પંથે કાયમ રહેશે...

**સરકારમાં હવે બદલીની મોસમ ....**

ગુજરાતની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીને અનુલક્ષીને રાજયના ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલ વહીવટી તંત્રમાં મોટાપાયે ફેરફારો કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. જિલ્લાના વહીવટી તંત્રમાં ખાસ કરીને જિલ્લા કલેક્ટર તેમજ જિલ્લા વિકાસ અધિકારી ઉપરાંત વિભાગોમાં પેન્ડીંગ રહેલી કેટલીક જગ્યાએ ટ્રાન્સફરો આવી શકે છે. વહીવટી તંત્ર ઉપરાંત પોલીસ તંત્રમાં પ્રમોશન અને બદલીઓની લટકતી ફાઈલ ક્લિયર થવાના ચાન્સિસ વધી રહ્યા છે. ૧૫૦થી વધુ પોલીસ ઈન્સ્પેક્ટરના પ્રમોશનની રાહ છેલ્લા છ મહિનાથી જોવાઈ રહી છે. જિલ્લા પોલીસ વડામાં પણ કેટલીક જગ્યાએ બદલાવ આવી શકે છે. જો કે સીએમના હોમવર્ક ઉપર તેનો આધાર છે...

**અનામત - જ્યાં જુઓ ત્યાં સદાકાળ છે...**

ઓબીસી સ્ટેટસ માગી રહેલા પટેલ આગેવાનો કેમ અચાનક બહાર આવ્યા તે કોયડો સરકારને હજી સમજાતો નથી. વિસનગરમાં પટેલોની રેલીમાં થયેલી તોડફોડ અને હિંસાચાર પછી સરકારે ૨૮મી જુલાઈએ વિજાપુરમાં યોજાનારી રેલી ઉપર બ્રેક મૂકી દીધી હોવા છતાં પટેલ આગેવાનોએ એવી જાહેરાત કરી છે કે ૨૫મી ઓગષ્ટ સુધીમાં રાજયભરમાં ૩૪ જગ્યાએ રેલીઓ યોજવામાં આવશે અને છેલ્લે અમદાવાદમાં ૨૨ લાખ પટેલો તેમનો પાવર બતાવશે. એક તરફ યુપીએ સરકારે જતાં જતાં જૈનોને અનામત આપવાનો કરેલો નિર્ણય ફેરવવો એનડીએ ને મોંઘો પડી રહ્યો છે ત્યારે પટેલ કોમ્યુનિટીનો આ મુદ્દો સામે આવ્યો છે. ગુજરાતમાં જૈનોને અનામત આપવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોવાનો દાવો પ્રવક્તા પ્રધાન નિતીન પટેલે કર્યો હતો એનો મતલબ એ થયો કે ગુજરાત સરકાર તેનો અમલ કરવા જઈ રહી છે, પરંતુ પટેલ કોમ્યુનિટી માટે સરકાર દ્વિધામાં છે. સચિવાલયમાં એક આઈએએસ ઓફિસરે કહ્યું હતું કે ભાઈ, સ્થાનિક ચૂંટણીઓ આવી રહી હોવાથી આ મુદ્દો ઉછળ્યો છે...

**પટેલ પાવર ગુજરાત નહીં વિશ્વમાં છે ....**

ગુજરાતના પટેલો એ ભારતને જ નહીં વિશ્વને તેમનું ઘર બનાવ્યું છે. બાબુભાઈ જસભાઈ પટેલ, ચીમનભાઈ પટેલ અને કેશુભાઈ પટેલ એ ગુજરાતના પટેલ સુપરપાવર ચીફ મિનિસ્ટર હતા. આજે પણ ગુજરાતમાં એક મહિલા ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલ છે. ગુજરાતના ૧૮૨ ધારાસભ્યોમાં ૪૪ પટેલ છે અને લોકસભાના ૨૬ સંસદસભ્યોમાં પાંચ પટેલ છે. આનંદીબેન પટેલની સરકારમાં સાત પ્રધાનો પટેલ કોમ્યુનિટીના છે. ૬.૨૭ કરોડની પોપ્યુલેશનમાં ૨૦ ટકા પટેલ છે. ગુજરાતમાંથી યુએસએમાં સ્થાયિ થયેલા એનઆરજીમાં ૩૫ ટકા એટલે કે ૨૨ મિલિયન લોકોની અટક પટેલ છે. યુએસના હાઈવે પરની હોટલોનો ૭૦ ટકા બિઝનેસ પટેલો પાસે છે. એ ઉપરાંત યુકે, આફ્રિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ સહિતના ૫૦ દેશોમાં પટેલો છવાયેલા છે. પટેલ કોમ્યુનિટી એ ગુજરાતનો એવો ગ્રંથ છે કે અવિરત અપડેટ થતો જ રહે છે...

**રક્ષિત સ્મારકો પણ સુરક્ષિત નથી રહ્યા...**

લ્યો, હવે તો આપણા રક્ષિત સ્મારકો પણ સુરક્ષિત રહ્યા નથી. ભારત સરકારના આકડા પ્રમાણે સમગ્ર દેશના ૨૭૮ રક્ષિત સ્મારકો ઉપર ગેરકાયદે દબાણો થયેલા છે જેમાં ગુજરાતના ૧૩ સ્મારકો આવે છે. એકલા અમદાવાદમાં આવેલા આઠ સ્મારકો ઉપર દબાણો થઈ ચૂક્યા છે. આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા તરફથી ગુજરાતના ચાંપાનેર, મોઢેરાના સૂર્યમંદિર, પાટણની રાણ કી વાવ અને અમદાવાદના સ્મારકો ઉપર ૬૯ જવાનોની પ્રાઈવેટ સિક્યુરિટી મૂકવામાં આવેલી છે. જે સ્મારકોનું રક્ષણ કરે છે આમ છતાં દબાણો થઈ જાય તો હવે સરકારી તંત્ર પાસે ક્યો માર્ગ બચ્યો છે?!!.. સ્મારક એ દેશનો ઈતિહાસ છે. તેના સંરક્ષણની જવાબદારો સૌની છે. કારણ કે ઈતિહાસ છે તો આપણે છીએ. સ્મારકોને દબાણમૂક્ત કરવાની જવાબદારી સરકારી તંત્રની સાથે નાગરિકોની પણ બને છે. એ તો લોકોએ સ્વેચ્છાએ હટાવી દેવા પડે....

**જિલ્લા-તાલુકાના કામોને અગ્રતા આપો....**

રાજ્ય સરકારે તમામ આઈએએસ ઓફિસરો અને વિભાગોના વડાઓને એવો આદેશ આપ્યો છે કે જિલ્લા અને તાલુકા કક્ષાએથી આવતા તમામ કામોને પ્રાયોરિટી આપો. ગ્રાન્ટના અભાવે કોઈ કામ અટકવું ન જોઈએ. નાના નાના કામોમાં ટેકનિકલ ભૂલો કાઢવાનું બંધ કરવાનું પણ કહેવામાં આવ્યું છે. આમ થવાનું કારણ જિલ્લાતાલુકા પંચાયતો તેમજ મહાનગરપાલિકાની ચૂંટણી છે. ચીફ મિનિસ્ટર અને પાર્ટીના કોર ગ્રુપના સભ્યોની બેઠકોમાં આ પ્રકારની સૂચનાનો એજન્ડા બની રહ્યો છે. નરેન્દ્ર મોદીની જેમ ઈલેક્શનની સ્ટેટેજી ચીફ મિનિસ્ટરના બંગલેથી ઘડવામાં આવે છે. ભાજપના સંગઠનને વધારે જીવંત બનાવીને સરકારના વહીવટી તંત્ર પાસે કામો કરાવવાના પ્લાન બન્યા છે. ભાજપના તમામ ધારાસભ્યો અને સંસદસભ્યોને ચૂંટણીના કામોની વહેંચણી કરી દેવામાં આવી છે....

**અનાર પટેલ - મમ્મીને દુનિયા બતાવવી છે....**

ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલની આંત્રપ્રિનિયોર દિકરી અનાર પટેલ નિખાલસ છે. એક ટીવી ઈન્ટરવ્યુમાં તેણીએ મમ્મી સાથેના બચપનના સંસ્મરણો વાગોળ્યા છે. ત્રણ સાડીમાં જીંદગી જીવતી મારી મમ્મીને મેં ઘરેણાં ગિરવે મૂકતી જોઈ છે. બાળપણમાં એલટીસીના રૂપિયામાંથી અમને દેશ બતાવ્યો છે, હવે મારી તમન્ના છે કે મમ્મી નિવૃત્ત થાય ત્યારે તેમને દુનિયા બતાવવી છે. ૧૯ વર્ષના રાજકારણમાં તેમને કોઈ દાગ લાગ્યો નથી. તેમણે રાજકીય મૂલ્યોમાં ક્યારેય કોમ્પ્રોમાઈઝ કર્યું નથી તેનો અમને ગર્વ છે. જયારે અમારા પર દાગ લાગે છે ત્યારે ચીફ મિનિસ્ટરની પુત્રી તરીકે લાભ ઓછો, નુકશાન વધારે થાય છે, કારણ કે મારૂં ફિલ્ડ એવું છે કે જયાં સરકારનો સીધો લાભ મને મળે નહીં. અમે સત્તાના લાભથી જોજનો દૂર છીએ...